વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાટણ, સાબરકાંઠા, જુનાગઢ, રાજકોટ, વલસાડ મહેસાણા, મોરબી, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેડા, અમરેલી, ગીર-સોમનાથ જિલ્લાઓની આદર્શ નિવાસી શાળાઓ/સરકારી છાત્રાલયોના મકાનના રીપેરીંગ અને રીનોવેશન માટે થનાર રૂા.૧૪૯૭.૪૮ લાખના ખર્ચને મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ SJED/WRT/e-file/17/2024/1586/A-1
સચિવાલય, ગાંધીનગર.

વંચાણમાં લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો તા.૩૧/૦૮/૨૦૨૪ નો પત્ર ક:વિજાક/આનિશા/ સછા/૨૦૨૪-૨૫/૭૨૨-૨૪.

આમુખ:

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના તા.૩૧/૦૮/૨૦૨૪ના પત્રથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાટણ, સાબરકાંઠા, જુનાગઢ, રાજકોટ, વલસાડ, મહેસાણા, મોરબી, બનાસકાંઠા,સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેડા, અમરેલી અને ગીર-સોમનાથ જિલ્લાઓની આદર્શ નિવાસી શાળાઓ/સરકારી છાત્રાલયોના મકાનના રીપેરીંગ અને રીનોવેશન માટે થનાર રૂા.૧૪૯૭.૪૮ લાખ (અંકે રૂપિયા એક હજાર ચારસો સત્તાણૂં લાખ અડતાળીસ હજાર પૂરા)ના ખર્ચને મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે, વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાટણ, સાબરકાંઠા, જુનાગઢ, રાજકોટ, વલસાડ, મહેસાણા, મોરબી, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેડા, અમરેલી અને ગીર-સોમનાથ જિલ્લાઓની આદર્શ નિવાસી શાળાઓ/સરકારી છાત્રાલયોના નીચે જણાવ્યા મુજબના મકાનના રીપેરીંગ અને રીનોવેશન માટેના કામો માટે

થનાર રૂા.૧૪૯૭.૪૮ લાખ(અંકે રૂપિયા એક હજાર ચારસો સત્તાણૂં લાખ અડતાળીસ હજાર પૂરા)ના ખર્ચને નીચે દર્શાવેલ શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | આદર્શ નિવાસી શાળા/સરકારી છાત્રાલયનું નામ | કામની વિગત | રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧. | અણહીલ ભરવાડ સરકારી કુમાર છાત્રાલય (વિજા) પાટણ | કન્સ્ટ્રકશન ઓફ સ્લેબ ઓન સંપ & ઈનસાઈડ વોટર પ્રૂફીગ, સોકપીટ, સેપ્ટીક ટેંક, ગટર લાઈન, અન્ય પરચૂરણ કામ | ૭.૫૮ |
| | | જરૂરી નવી સ્ટ્રીટલાઇટો અને નવા સ્ટ્રીટ લાઇટ પોલ લગાડવાની કામગીરી | ૮.૫૨ |
| | | મેઇન ઇલેકટ્રીક બોર્ડમાં જરૂરી નવુ વાયરીંગ કામ, છાત્રાલયના સંપૂર્ણ વાયરીંગ કામનું ચેકીગ કરી નવા વાયરીંગ કામ, નવા ઇલેકટ્રીક બોર્ડ, સ્વીચો, એમ.સી.બી., ઈ.એલ.સી.બી. લગાડવાની કામગીરી | ૯.૪૩ |
| | | વિદ્યાર્થીઓને પીવાના પાણી માટે વોટર કુલર લગાવી આપવાની કામગીરી | ૧.૭૫ |
| ૨. | સતી જસમા ઓડણ સરકારી કન્યા છાત્રાલય (વિજા) પાટણ | જરૂરી નવી સ્ટ્રીટ લાઇટો, અને નવા સ્ટ્રીટ લાઇટ પોલ લગાડવાની કામગીરી | ૬.૨૯ |
| | | મેઇન ઇલેકટ્રીક બોર્ડમાં જરૂરી નવું વાયરીંગકામ, છાત્રાલયના સંપૂર્ણ વાયરીંગનું ચેકીંગ કરી નવા વાયરીંગ, નવા ઇલેક્ટ્રિક બોર્ડ, સ્વીચો, એમસીબી, ઇએલસીબી લગાડવાની કામગીરી | ૮.૮૬ |
| ૩. | સરકારી કુમાર છાત્રાલય(વિ.જા) રાધનપુર | જરૂરી નવી સ્ટ્રીટ લાઇટો, અને નવા સ્ટ્રીટ લાઇટ પોલ લગાડવાની કામગીરી | ૬.૭૪ |

| | | | |
|---|---|---|---|
| | | મેઇન ઇલેકટ્રીક બોર્ડમાં જરૂરી નવું વાયરીંગકામ, છાત્રાલયના સંપૂર્ણ વાયરીંગનું ચેકીંગ કરી નવા વાયરીંગ, નવા ઇલેક્ટ્રિક બોર્ડ, સ્વીચો, એમસીબી, ઇએલસીબી લગાડવાની કામગીરી | ૯.૯૯ |
| | | બારણા રીપેરીંગ, MS Grill અન્ય પરચૂરણ કામ | ૭.૦૯ |
| ૪. | સરકારી કુમાર છાત્રાલય (વિજા), હિંમતનગર | ગટર લાઇન સોકપીટ, બારી બારણા, કબાટ, પેવર બ્લોક વર્ક, ઇલેકટ્રીક રીપેરીંગ, વોટર સપ્લાઇંગ, પ્લબીંગ વર્ક, પેસ્ટ કંટ્રોલ ટ્રીટમેન્ટ | ૨૮.૩૦ |
| ૫. | આદર્શ નિવાસી શાળા (વિ.જા), હિંમતનગર | ગટર લાઇન સોકપીટ, બારી બારણા, કબાટ, પેવર બ્લોક વર્ક, ઇલેકટ્રીક રીપેરીંગ, વોટર સપ્લાઇંગ, પ્લબીંગ વર્ક, પેસ્ટ કંટ્રોલ ટ્રીટમેન્ટ | ૪૭.૧૦ |
| ૬. | સરકારી કન્યા છાત્રાલય (વિજા), હિંમતનગર | ગટર લાઇન સોકપીટ, બારી બારણા, કબાટ, પેવર બ્લોક વર્ક, ઇલેકટ્રીક રીપેરીંગ, વોટર સપ્લાઇંગ, પ્લબીંગ વર્ક, પેસ્ટ કંટ્રોલ ટ્રીટમેન્ટ | ૧૪.૧૦ |
| ૭. | સરકારી કુમાર છાત્રાલય (વિજા), વલસાડ | ૧.બારી બારણા ૨. ટોઇલેટ રીપેરીંગ ૩. પ્લાસ્ટર વર્ક ૪.આઉટ સાઇડ અને ઇન સાઇડ કલર વર્ક ૫. ફ્લોરીંગ વર્ક ૬. આઉટ સાઇડ સેનેટરી અને પ્લબીગ વર્ક ૭. વોટર પ્રુફીંગ ૮. ઇલેકટ્રીફીકેશન વર્ક | ૬૨.૦૦ |
| ૮. | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા), વિસનગર | 1. Inside Color Work 2. Outer Color Work 3. Door Frame 4. Door Shutter 5. China Mosaic 6. Water Proofing Asphalt Sheet 7. Granite 8. Toilet Reparing 9. Bathroom Reparing 10. Brick Work Compund Wall 11. Plaster Compund Wall 12. Falls Celling Office Room 13. Exapantion Joint 14.Wooden Box For Swith Board 15. Verified Tiles Flooring | ૩૨.૫૨ |

| | | | |
|---|---|---|---|
| | | 16. Staircase 17. GI Sheet For Shed 18. Plumbing Work 19. Electric Work | |
| ૯. | સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.), મોરબી | બારી-બારણા, ફ્લોરીંગ, પ્લાસ્ટર, કલર અને અન્ય પરચૂરણ કામ | ૬૨.૩૦ |
| ૧૦. | આદર્શ નિવાસી શાળા (વિ.જા) મોરબી | ભોજનાલયમાં બારી-બારણા, ફ્લોરીંગ, પ્લાસ્ટર, કલર કામ અને અન્ય પરચૂરણ કામ | ૧૧.૮૦ |
| | | હોસ્ટેલ બિલ્ડીંગમાં બારી-બારણા, ફ્લોરીંગ, પ્લાસ્ટર, કલર કામ અને અન્ય પરચૂરણ કામ | ૨૭.૩૦ |
| | | સ્કુલ બિલ્ડીંગના કલરકામ અને સમારકામ (બારી-બારણા, ફ્લોરીંગ, પ્લાસ્ટર, કલર અને અન્ય પરચૂરણ કામ) | ૩૬.૨૦ |
| ૧૧. | સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.), પાલનપુર | પ્લમ્બીંગ, સેનેટરી, ચેમ્બર અને અન્ય પરચૂરણ કામ | ૨.૯૯ |
| ૧૨. | આદર્શ નિવાસી શાળા(વિ.જા) કુમાર, ડીસા | Granite Repairing & new in Entry Portion, New Tileswork in OTS area, Exterior Colour work, Interior Colour work, Oil Paint, Kotastone in Passage area, Expantion joint, Repairing, Toilet Block Renovation, Alluminium Section window Repairing, Plumbing & Sanitary, Plaster Work, Louvers & Wiremesh jail, Door window Repairing, Water Proofing, Grill, C wall Repairing, C wall Wire Fencing | ૧૦૦.૪૩ |
| ૧૩. | આદર્શ નિવાસી શાળા (વિ.જા) કુમાર, જૂનાગઢ | રીનોવેશન અને રીપેરીંગ ઓફ આદર્શ નિવાસી શાળા, કુમાર, સ્કુલ બિલ્ડીગમાં પ્લાસ્ટર વર્ક, કલરકામ,બારી-બારણા, ફ્લોરીંગ વર્ક, અન્ય પરચૂરણ કામ | ૧૨૦.૬૫ |
| ૧૪. | આદર્શ નિવાસી શાળા (વિ.જા) કુમાર, ખમીસણા | ડાઇનીંગ હોલના બિલ્ડીંગના રીપેરીંગ કામ તથા ઇલેક્ટ્રિક કામ | ૯.૪૪ |
| | | શાળા બિલ્ડીંગના રીપેરીંગ કામ તથા ઇલેક્ટ્રિક કામ | ૧૨.૯૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૫. | સરકારી કન્યા છાત્રાલય (વિ.જા) રાજકોટ | રીપેરીંગ અને રીનોવેશન વર્ક | ૫૪.૦૦ |
| ૧૬. | આદર્શ નિવાસી શાળા (વિ.જા) કુમાર, કડી | રીપેરીંગ અને રીનોવેશન વર્ક | ૧૧૦. |
| ૧૭. | સરકારી કુમાર છાત્રાલય (વિ.જા) અમરેલી (હોસ્ટેલ બિલ્ડીંગ તથા ટોઇલેટ-બાથરૂમ રીપેરીંગ) | પ્લાસ્ટર, ફ્લોરીંગ,ધાબા ઉપર ચાઇના મોજેઇક, વોટર પ્રુફીંગ, બારણા/બારી બદલવા,કલરકામ, કમ્પાઉન્ડ વોલ, ટોઇલેટ બાથરૂમનું મરામત કામ, વોટર સપ્લાય & ડ્રેઇનેજ લાઇન, આર.સી.સી. રોડ | ૭૦.૯૪ |
| ૧૮. | સરકારી કન્યા છાત્રાલય(વિ.જા) અમરેલી, ટોઇલેટ-બાથરૂમ, સામાન્ય રીપેરીંગ અને મરામત કામ તેમજ આદર્શ નિવાસી શાળા, અમરેલી ખાતે આર.સી.સી. રોડ રીપેરીંગ કામ | પ્લાસ્ટર, ફ્લોરીંગ,ધાબા ઉપર ચાઇના મોજેઇક, વોટર પ્રુફીંગ, બારણા/બારી બદલવા,કલરકામ,કમ્પાઉન્ડ વોલ, ટોઇલેટ બાથરૂમનું મરામત કામ, વોટર સપ્લાય & ડ્રેઇનેજ લાઇન, આર.સી.સી. રોડ | ૭૯.૯૬ |
| ૧૯. | આદર્શ નિવાસી શાળા(વિ.જા) કુમાર, માંગવાપાળ, અમરેલી | સ્કુલ બિલ્ડીંગની સીમા દિવાલોનું રીપેરીંગ કામ, | ૪૨.૧૪ |
| | | સ્કુલ બિલ્ડીંગનુ સામાન્ય રીપેરીંગ અને રીનોવેશન | ૨૬.૩૩ |
| ૨૦. | સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.), ઓઢવ અને સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.), ઓઢવ | ટોઇલેટ, કલરકામ, બારી બારણા રીપેરીંગ, આર.સી.સી. કમ્પાઉન્ડ વોલ અને અન્ય પરચૂરણ કામ | ૧૧૯.૦૩ |
| ૨૧. | આદર્શ નિવાસી શાળા(વિ.જા) કુમાર,ખેરાલુ | રીપેરીંગ એન્ડ રીનોવેશન ઓફ આદર્શ નિવાસી શાળા, સ્કુલ બિલ્ડીંગ | ૯૮.૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૨. | સરકારી કુમાર છાત્રાલય તથા સરકારી કન્યા છાત્રાલય (વિ.જા) મહેસાણા | રીપેરીંગ અને રીનોવેશન કામ | ૨૯.૫૦ |
| ૨૩. | આદર્શ નિવાસી શાળા(વિ.જા) કુમાર,રાજકોટ | સ્કુલ અને હોસ્ટેલ બિલ્ડીંગમાં ઇલેક્ટ્રિક કામ | ૩.૫૪ |
| ૨૪. | સરકારી કુમાર છાત્રાલય(વિ.જા) કોલેજ કક્ષા, રાજકોટ | સિવીલ વર્ક | ૪૫.૦૦ |
| ૨૫. | સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.),મુ.કમળા, નડિયાદ | વીજળીકરણની કામગીરી | ૨૫.૦૦ |
| | | સિવિલ કામ | ૩૨.૮૧ |
| ૨૬. | સરકારી કુમાર છાત્રાલય, (વિ.જા.),ઉના | રીપેરીંગ કામ (કાચની બારીઓ તથા પાણીની ટાંકીના રીપેરીંગ) | ૪.૭૪ |
| ૨૭. | આદર્શ નિવાસી શાળા(વિ.જા) કુમાર, થરાદ | શાળા અને હોસ્ટેલ બિલ્ડીંગમાં રીપેરીંગ અને રીનોવેશન (ટોઇલેટ બ્લોક, પ્લમ્બીંગ, કલર કામ, ફર્નિચર, બિલ્ડીંગ, ફ્લોરીંગ, પેવર બ્લોક, શેડ, ગ્રીલ, પીવાના પાણીનું ટેન્ક, એલ્યુમિનિયમ સેક્શન, પાર્ટિશન, કમ્પાઉન્ડ વોલ રીપેરીંગ, પ્લાસ્ટર કામ) | ૧૨૧.૮૩ |
| | | કુલ | ૧૪૯૭.૪૮ |

શરતો:

1. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં થયેલ બજેટ જોગવાઈ ઉપરાંત મંજૂર થયેલ વધારાની(Additional Authorization) જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
2. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
3. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઓચિત્યના સિધ્ધાંતોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

4. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
5. સબંધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારીશ્રી દ્વારા સબંધિત અધિક્ષક ઇજનેરશ્રી/કાર્યપાલક ઇજનેરશ્રીના પરામર્શમાં ઉક્ત તમામ કામો ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં પુર્ણ કરવા તાત્કાલિક નિયમોનુસારની કાયવાહી હાથ ધરવાની રહેશે.
6. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણએ આપેલ મંજૂરી અન્વયે થયેલ ખર્ચની વિગતો તેમજ કામગીરી પૂર્ણ કર્યાના અહેવાલની વિગતો વિભાગને રજૂ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૮૪, મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર:૪૨ મકાનો હેઠળ ચાલુ વર્ષે ૨૦૨૪-૨૫માં કરવામાં આવેલ તેમજ મંજૂર થયેલ વધારાની(Additional Authorization) જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૨/૧૦/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KETANKUMAR ADHELABHAI DAMOR
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Oct-2024 (03:52 PM)

(કેતન ડામોર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ગુજરાત સરકાર

<u>નકલ રવાના:-</u>

- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- સબંધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત).
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂં)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪.